# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આજથી પ્રારંભ - રાજ્યપાલે કહ્યું, વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પ સાથે સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ.
2) સુરત સહિત દેશના છ શહેરોમાં નવા કાપડ નિકાસ સુવિધા કેન્દ્રોની જાહેરાતને વેપારીઓનો આવકાર.
3) અમદાવાદના અસારવા અને રાજસ્થાનના ઉદયપુર વચ્ચે સૌપ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની આજથી શરૂઆત.
4) ભંગારના નામે 5 કરોડ રૂપિયાની છેતરપિંડી મામલે ચાર આરોપીની સુરતમાં ધરપકડ.
5) આગામી 48 કલાક બાદ રાજ્યના ગરમી વધવાની શક્યતા.
6) અંડર 20 પુરુષ આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધાનો આજથી રાજકોટમાં પ્રારંભ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVERNOR ADDRESS

15મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનો આજથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે પ્રારંભ થયો. આ પ્રસંગે શ્રી દેવવ્રતે રાજ્યની વિકાસયાત્રા, સુશાસન અને સર્વસમાવેશી નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું , વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પ સાથે સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે.

તેમણે ઉમેર્યું, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રાજ્યમાં 22 હજાર કરોડથી વધુની સહાય 69 લાખથી વધુ ખેડૂત પરિવારોને આપવામાં આવી છે. જ્યારે કમોસમી વરસાદથી નુકસાન સામે કૃષિ રાહત પેકેજ હેઠળ 33 લાખથી વધુ ખેડૂતોને 9 હજાર 610 કરોડ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે. રાજ્યપાલે જણાવ્યું કે, 10 વર્ષીય ભરતી કેલેન્ડર દ્વારા 2 લાખથી વધુ જગ્યાઓ ભરાશે

ઉલ્લેખનીય છે કે, 25 માર્ચ સુધી ચાલનારા આ સત્રમાં ગુજરાત આંતક વિરોધી ખરડા સહિતના કેટલાક વિધેયકો રજૂ કરાશે. 18મી ફેબ્રુઆરીએ અંદાજપત્ર રજૂ કરાશે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA SESSION

15મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રથમ દિવસે આજે શોક દર્શક ઉલ્લેખો રજૂ કરાયાં. વિધાન ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક દર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સદસ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી. આ સૌ દિવંગત સભ્યોના સન્માનમાં સભાગૃહે બે મિનિટનું મૌન પાળ્યું. ત્યારબાદ આજે વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાઇ જેમાં ઉપાધ્યક્ષ તરીકે પૂર્ણેશ મોદીની ધ્વનિમત સાથે પસંદગી કરવામાં આવી હતી.

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી એ ગૃહમાં સત્તાવાર જાહેરાત કરી હતી..અગાઉ   આજે ગૃહમાં કોંગ્રેસના શૈલેષ પરમારને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવાના પ્રસ્તાવનો ગૃહમાં અસ્વીકાર થયો હતો. ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ શ્રી મોદીએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : પૂર્ણેશ મોદી, ઉપાધ્યક્ષ)

. . . . . . . . . . . . .

# BOMB THREAT

અમદાવાદ અને વડોદરાની કેટલીક શાળામાં બોમ્બની ધમકી અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તપાસના આદેશ આપ્યા છે. તેમણે જણાવ્યું , બંને શહેરના પોલીસ કમિશ્નર સાથે વાત કરી છે અને કયા દેશમાંથી આ ધમકીના મેસેજ મળ્યા છે તેની તપાસ થશે.

બોમ્બ ધમકીના ઇમેઇલ મળ્યા બાદ પોલીસે વડોદરાની 18 શાળાઓમાં તપાસ હાથ ધરી હતી, પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે પુષ્ટિ કરી હતી કે કોઈ વિસ્ફોટક મળ્યો નથી અને વધુ તપાસ માટે FIR દાખલ કરવામાં આવી છે.

(બાઈટ: નરસિમ્હા કોમાર, પોલીસ કમિશનર, વડોદરા)

. . . . . . . . . . . . .

# SURAT TEFC

સુરત સહિત દેશના છ શહેરોમાં નવા કાપડ નિકાસ સુવિધા કેન્દ્રોની જાહેરાત પર વેપારીઓએ ખુશી વ્યક્ત કરી છે. ગુજરાત વણકર મહામંડળના પ્રમુખ અશોક જીરાવાલાએ કહ્યું, અમે લાંબા સમયથી સરકાર પાસેથી નિકાસ કેન્દ્રની માગ કરી રહ્યા છીએ, જેનાથી સુરતના વેપારીઓને નિકાસ માટે સિંગલ-વિન્ડો પ્રણાલીનો લાભ મળી શકે. તેમણે એમ પણ કહ્યું કે આનાથી યુએસ અને EU સાથેના તાજેતરના વેપાર સોદાઓનો લાભ લેવામાં મદદ મળશે. સુરતના ઉદ્યોગપતિ વિકાસ ગુપ્તાએ જણાવ્યું કે આ છ કેન્દ્રો દેશની નિકાસને વેગ આપવા માટે મદદ કરશે,તેનાથી MSME ને સૌથી વધુ ફાયદો થશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા છ નવા કાપડ નિકાસ સુવિધા કેન્દ્રોમાં તમિલનાડુના કરુર, મહારાષ્ટ્રના ઇચલકરંજી, રાજસ્થાનના જયપુર, ઉત્તર પ્રદેશના વારાણસી, પંજાબના લુધિયાણા અને ગુજરાતના સુરતનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# VANDE BHARAT

અમદાવાદના અસારવા અને રાજસ્થાનના ઉદયપુર વચ્ચે સૌપ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની આજથી શરૂઆત થઈ છે. આ ટ્રેન હિંમતનગર મથકે પહોંચતા તેનું સ્વાગત કરવામાં આવ્યું. આ ટ્રેન માત્ર 4 કલાક અને 15 મિનિટમાં 296 કિલોમીટરનું અંતર કાપશે.

મંગળવાર સિવાય આ ટ્રેન અઠવાડિયામાં 6 દિવસ દોડશે. જે અન્ય 3 મુખ્ય સ્ટેશનો જાવર, ડુંગરપુર, હિંમતનગર ખાતે ઊભી રહેશે. આ ટ્રેન ઉદયપુર સિટીથી સવારે 6 વાગીને 10 મિનિટે ઉપડશે અને અસારવા ખાતે એ જ દિવસે સવારે 10 વાગીને 25 મિનિટે પહોચશે. જ્યારે અસારવાથી સાંજે 5 વાગીને 45 મિનિટે ઉપડશે અને ઉદયપુર ખાતે રાત્રે 10 વાગ્યે પહોચશે

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SURAT FRAUD

સુરતમાં ભંગારના નામે 5 કરોડ રૂપિયાની છેતરપિંડી સામે આવી છે. જેમાં આર્થિક ગુના નિવારણ શાખાએ એક ખાનગી કંપની સાથે જોડાયેલા ચાર સંચાલકની ધરપકડ કરી છે. આરોપીઓએ શહેરના વેપારીને વિશ્વાસમાં લઈને 5 કરોડ જેટલી રકમની છેતરપિંડી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ઇકો સેલે ટેકનિકલ માહિતી અને ગુપ્ત બાતમીના આધારે અલથાણ વિસ્તારમાં દરોડા પાડી ગોવિંદગોપાલ ગોયલ , સત્યનારાયણ ગોયલ , રંજના ગોયલ અને રીમા ગોયલની ધરપકડ કરી હતી. આરોપીઓ અગાઉ પણ ગાંધીધામમાં છેતરપિંડીના કેસમાં સંડોવાયેલા હતા. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# DANG PM KUSUM

ડાંગ જિલ્લાના આહવા, વઘઇ અને સુબીર તાલુકાના ખેડૂતોને પીએમ કુસુમ યોજના હેઠળ સોલાર પંપ અને પેનલ આપવામાં  આવી છે. ખેતીમાં ખર્ચ ઘટાડવા અને આવક વધારવા માટે આ યોજના ઉત્તમ સાબિત થઈ  છે.

વર્ષ 2025-26 માટે એક હજાર    100  થી વધુ ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. આ અંગે લાભાર્થી જયેશ મોકાસીએ વધુ માહિતી આપી.

(બાઇટ : જયેશ મોકાસી, લાભાર્થી)

. . . . . . . . . . . . .

# AMBAJI DARSHAN

અંબાજી મંદિર ખાતે હોળી અને ચંદ્રગ્રહણને પગલે દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. આગામી તારીખ 2 માર્ચના રોજ સવારે સાડા સાતથી આઠ કલાકે આરતી થશે અને ત્યારબાદ આઠથી સાડા અગિયાર સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે બાર કલાકે રાજભોગ ધરાવવામાં આવશે , જ્યારે સાંજે સાડા છ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. હોળી બાદ સાંજની આરતી સાડા સાત વાગ્યે થશે અને રાત્રે 9 વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે.

જ્યારે ત્રીજી માર્ચના ચંદ્રગ્રહણ હોવાથી સવારે વહેલા છ થી સાડા છ કલાકે આરતી અને સાડા છ થી સાડા સાત સુધી દર્શનનો લાભ મળશે. સવારે સાડા સાતથી આઠ કલાકે રાજભોગ ધરાવ્યા બાદ સવારના આઠ વાગ્યાથી રાત્રિના સાડા નવ વાગ્યા સુધી મુખ્ય દર્શન બંધ રહેશે. જોકે , ભક્તોની સુવિધા માટે નૃત્ય મંડપમાંથી દર્શનનો સમય સવારે પોણા દસથી બપોરે બે વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. ગ્રહણ બાદ રાત્રે આશરે સાડા 9 કલાકે શયનકાળની આરતી કરાશે.

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી 48 કલાક બાદ રાજ્યના તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. ઠંડીનું જોર ધીમે ધીમે ઘટતા ક્રમશઃ ગરમીની શરૂઆત થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બે દિવસ બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. જોકે ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નહીવત છે. રાજ્યમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તર દિશાના પવનો ફૂંકાવાની પણ શક્યતા છે.

. . . . . . . . . . . . .

# FOOTBALL COMPETITION

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસો. દ્વારા આયોજિત ટોરેન્ટ પાવર કપ અંડર 20 પુરુષ આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધાનો રાજકોટમાં આજથી પ્રારંભ થયો છે.

આજે રમાયેલી મેચમાં વલસાડે મેહુલ મંગેલાના 2 ગોલની મદદથી નવસારીની ટીમને 2-0 થી હરાવી. બીજી મેચ મહેસાણા અને નવસારી વચ્ચે 0-0 થી ડ્રૉ થઈ. ત્રીજા મુકાબલામાં સુરતે બરોડાની ટીમને 2-0 થી હરાવી , જ્યારે ચોથી મેચમાં ખેડાની ટીમે ગાંધીનગરને 2-0 થી મ્હાત આપી.

. . . . . . . . . . . . .

# CLEAN GREEN SCHOOL AWARD- DAMAN

દમણની ખારીવાડીની-પીએમ શ્રી લોકમાન્ય તિલક ઉચ્ચ પ્રાથમિક શાળા 'સ્વચ્છ હરિત વિદ્યાલય એવોર્ડ'થી સન્માનિત કરાઇ.

શાળા પરિસરમાં સ્વચ્છ વર્ગખંડો, હરિત ઉદ્યાન, વૃક્ષારોપણ અભિયાન, કચરા વ્યવસ્થાપન પ્રણાલી તેમજ વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને વિશેષ પ્રશંસા મળી હતી. શાળા વ્યવસ્થાપન સમિતિ અને શિક્ષકોના સતત પ્રયત્નોથી શાળાએ સ્વચ્છતા અને હરિત પહેલ ક્ષેત્રે આ સિદ્ધિ હાંસલ કરી છે.

. . . . . . . . . . . . .

# IGNOU ADMISSION

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વવિદ્યાલય -ઈગ્નુ એ જાન્યુઆરી 2026ના સત્ર માટે પ્રવેશ પ્રક્રિયા 28 ફેબ્રુઆરી સુધી લંબાવી છે. સ્નાતક , અનુસ્નાતક, ડિપ્લોમા, પીજી ડિપ્લોમા , પ્રોફેશનલ અને સર્ટિફિકેટ અભ્યાસક્રમોમાં પ્રવેશ ઓનલાઇન અરજી પોર્ટલ ખુલ્લું છે. નિયામક ડૉ. જયેશ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ નિયત તારીખ સુધીમાં યુનિવર્સિટી વેબસાઇટ www.ignou.ac.in ની મુલાકાત લઈને , આપેલી માર્ગદર્શિકાનું પાલન કરીને તેમની લાયકાત અને રુચિઓના આધારે તેમના ઇચ્છિત અભ્યાસક્રમોમાં નોંધણી કરાવી શકે છે.

. . . . . . . . . . . . .

# PM SHRAM YOGI MAANDHAN

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી પ્રશાસન દ્વારા ‘પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન ’ અને ‘NPS ટ્રેડર્સ’ યોજનાની વિશેષ નોંધણી ઝુંબેશનો જિલ્લાવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે.

સેલવાસ જિલ્લામાં જિલ્લા પંચાયતના CEO અરુણ ગુપ્તા કહ્યું કે, આ રથ ગામે-ગામ ફરીને શ્રમિકોને સરકારની આ લાભદાયી પેન્શન યોજનાઓ વિશે જાગૃત કરવાનું કામ કરશે. દાદરા-દેમણી પંચાયત ખાતે પ્રથમ નોંધણી કેમ્પનું આયોજન થયું હતું. વહીવટીતંત્રના અધિકારીઓએ તમામ શ્રમિકોને પોતપોતાની પંચાયતમાં યોજાનારા કેમ્પનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે.

. . . . . . . . . . . . .